આર્થિક ભીંસ બની મજબૂરી, વણજોઈતા બાળકને તરછોડ્યુ

સરગાસણ નજીક ખુલ્લા ખેતરમાં તરછોડવામાં આવેલા બાળકના માતા-પિતાની ધરપકડ : આર્થિક રીતે તંગ હાલતમાં જીવતા દંપત્તિને ત્રીજુ બાળક જોઈતુ ન હતુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીકના સરગાસણ વિસ્તારમાં ખુલ્લા ખેતરમાંથી તરછોડેલી હાલતમાં મળી આવેલ બાળકને જન્મ આપનાર માતા અને પિતાને પોલીસે ઝડપી લીધા છે. ત્રીજુ બાળક જોઈતુ ન હોવાથી પ્રિમેચ્યોર હાલતમાં જન્મેલુ બાળક આ દંપત્તિએ ખુબજ નિષ્ઠુર બનીને ત્યજી દીધુ હતુ.

ગયા રવિવારે સરગાસણ નજીકના ખુલ્લા ખેતરમાંથી ગાર-માટીમાં લપેટાયેલુ નવજાત બાળક મળી આવ્યુ હતુ. આ બાળકની હાલત ખુબ જ નાજુક હોવાથી તેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયુ હતુ. ત્યારબાદ પોલીસે તપાસનો દોર હાથમાં લીધો હતો. સેક્ટર-૭ પોલીસે સઘન તપાસ હાથ ધરી તથા સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કરી બાળકને તરછોડી દેનાર દંપત્તિને ઝડપી લીધુ છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યુ છે કે આ દંપત્તિ તારાપુર ગામમાં રહે છે. તારાપુર ગામના રીક્ષાચાલક રાજેશ કાળુભાઈ સલાટના પરિવારમાં પત્નિ અને બે દિકરાઓ છે. બે દિકરા પૈકિ એક દિકરો અસ્થિર મગજનો હોઈ તેને સાચવવામાં દંપત્તિ કંટાળી ગયુ હતુ અને સતત આર્થિક ભીંસ અનુભવી રહ્યુ હતુ. આ દરમ્યાન જ રાજેશની પત્નિ નયના ફરી ગર્ભવતી થઈ હતી. પરંતુ તેને તેની જાણ સાડા ત્રણ મહિના પછી થઈ હતી. સાડા સાત મહિને નયનાને દુઃખાવો ઉપડતા તેનો પતિ રાજેશ તેને રીક્ષામાં સરગાસણ પાસેના અવાવરૂ ખેતરમાં લઈ આવ્યો હતો જ્યાં તેણે પ્રિમેચ્યોર બાળકને જન્મ આપ્યો હતો. નિષ્ઠુર બનેલી માતાએ પોતાની જાતે જ નાળ કાપીને બાળકને મરવા માટે તરછોડી દીધુ હતુ અને ત્યાંથી રવાના થઈ ગયા હતા. કોઈક રાહદારીને બાળક અંગે જાણ થતા તેને સિવિલમાં દાખલ કરાયુ હતુ.

બાળકની હાલત નાજુક

સરગાસણના ખેતરમાં તરછોડાયેલા બાળકની હાલત ખુબ નાજુક છે. બાળક પ્રિમેચ્યોર જન્મ્યુ છે. વળી તેને માતાના દૂધનુ પોષણ મળ્યુ નથી. બાળકનુ વજન લગભગ એક કીલો છે જે ખુબ ઓછુ છે. બાળકને હાલમાં એન્ટીબાયોટિક દવાઓ આપવામાં આવી રહી છે. હાલમાં એનઆઈસીયુમાં તેને ચાઈલ્ડ સ્પેશ્યાલીસ્ટની નજર હેઠળ સારવાર આપવામાં આવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

કોરોના વિસ્ફોટ : શહેર-જિલ્લામાં ૭૯ કેસ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે વિસ્ફોટ થયો છે. ૧૫ દિવસમાં જ બીજીવાર ૭૦ થી વધુ કેસો નોંધાતા તંત્રમાં હડકંપ મચી જવા પામેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા ૩૫ અને ગ્રામ્યવિસ્તારમાં નવા ૪૪ કેસ નોંધાયા છે. શહેર જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશન વિસ્તરી રહ્યુ છે અને કોરોનાના કેસોનો પણ વિસ્તાર વધી રહ્યો હોવાથી તંત્રની ચિંતાઓ વધી છે.

શહેર-જિલ્લામાં રિકવરી રેટ સારો છે તેવો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૫૪ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. શહેર જિલ્લામાં ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધારવામાં આવ્યુ છે. શહેર જિલ્લામાં વેક્સિનેશન અભિયાન પણ સઘન રીતે ચાલી રહ્યાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. શહેરમાં આજે ૩૨ દર્દીઓ અને ગ્રામ્યમાં ૨૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં ૩૫ અને ગ્રામ્યમાં ૪૪ કેસ નોંધાયા : રાયસણ અને સે. ૨ માંથી ૪-૪ કેસ, આઈઆઈટી, કુડાસણ, સરગાસણ, સે. ૨૨, સે. ૨૯માં ૩-૩ કેસ, રાંદેસણ, સે. ૬માં ૨-૨ કેસ ઉપરાંત વાવોલ, સે. ૪, ૫, ૭, ૮, ૧૯, ૨૮, ૩૦ કેસ મળી આવ્યા

શહેર-જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશનથી કેસો વધી રહ્યા છે પરંતુ કોરોનાના લક્ષણો વેક્સિનેશનને કારણે હળવા જોવા મળી રહ્યાનું પણ તંત્ર માની રહ્યુ છે. આ વખતે રિકવરી રેટ ૯૩ ટકાથી વધુ છે. જ્યારે હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો છે. આજની સ્થિતિએ પોઝીટીવીટી રેટ ૪ ટકાને પાર કરી ગયો હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોના વિસ્તરી રહ્યો છે. સંવેદનશીલ વિસ્તારો ઉપરાંત નવા-નવા વિસ્તારોમાંથી તેમજ અંતરિયાળ ગામોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૪૪ કેસ નોંધાયા છે જે નવી લ્હેરમાં સૌથી વધુ છે. આજે નોંધાયેલા કેસોમાં ૧૪ મહિલા, ૮ દર્દી ૬૦ વર્ષથી વધુ વયના છે. આજે નોંધાયેલા કેસોમાં ૭ વિદ્યાર્થી, ૪ ખેડૂત, ૩ નાના વેપારી અને શ્રમિકોનો પણ સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ કેસમાંથી એક દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. ઉવારસદ ગામેથી આજે ૪ વર્ષની નાની દિકરી પણ સંક્રમિતોની યાદીમાં છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૧૨, ગાંધીનગરમાં ૧૪, કલોલમાં ૧૫ અને માણસામાં ૩ કેસ નોંધાયા છે.

દહેગામ તાલુકામાં રખીયાલ ગામેથી ૪ કેસ, કડાદરા, બારડોલી, બદપુર ગામેથી ૨-૨ કેસ તેમજ બોરીયા અને કનીપુર ગામેથી પણ કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં ઉવારસદ ગામમાંથી ૫ કેસ, દશેલા અને અડાલજમાંથી ૨-૨ કેસ ઉપરાંત સાદરા, રૂપાલ, સોનીપુર, મુબારકપુર, નવા પાલજમાંથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં કલોલ અર્બન એરિયામાંથી ૪ કેસ તેમજ નારદીપુર ગામમાંથી ૪ કેસ મળી આવ્યા છે. નારદીપુર ગામમાં સતત કેસો વધી રહ્યા હોવાથી કોરોના માટે ગામ સંવેદનશીલ બન્યુ છે.

આ ઉપરાંત બોરીસણા, ખાત્રજ, ધમાસણા, મોખાસણ, ડિંગુચા, નવા વિલેજ, સઈજ ગામેથી પણ કેસો મળ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

મતદારયાદી સુધારણા અભિયાન નવા નિયમો સાથે હાથ ધરવા માટે આજે મહાત્મા મંદિરમાં વર્કશોપ

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓની તૈયારી વચ્ચે મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ યોજવાની છે. ત્યારે તેના વિવિધ ફોર્મમાં કરાયેલા સુધારાઓની જાણકારી સાથે તાલિમ આપવા માટે આજે મહાત્મા મંદિર ખાતે ખાસ વર્કશોપનું આયોજન કરાયુ છે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મતદારો નવા નામ દાખલ કરવા માટે ફોર્મ-૬ યથાવત્ છે પણ મતદા કાર્ડને આધાર કાર્ડ સાથે લીંક કરવા માટે ફોર્મ-૬-બી મતદારે ભરવાનુ રહેશે. હાલ તો આધાર લીંકની વાત મતદારોની મરજી પર છોડવામાં આવી છે તેમ પણ આ સૂત્રોએ કહ્યુ છે.

ફોર્મ નં. ૭ એ મતદાર યાદીમાંથી નામ કમી કરવા માટે છે. ફોર્મ નં. ૮ માં સુધારા કરી ફોર્મ ૮-અ એ મતદાર દ્વારા થયેલા સ્થળાંતર તેમજ તેમાં સુધારા માટે ભરવાનુ રહેશે. ૮-બ એ નવુ મતદાર કાર્ડ મેળવવા માટે ભરવાનુ રહેશે. ૮-ક એ જો મતદાર દિવ્યાંગ હોય તો તેને દિવ્યાંગતાની વિગતો સાથે આ ફોર્મ ભરવાનુ રહેશે.

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આ વખતે મતદારયાદી ક્ષતિગ્રસ્ત અભિયાન પણ યોજ્યુ હતુ. સંક્ષિપ્ત સુધારણાની ખાસ ઝુંબેશના દિવસો સહિત મતદાર યાદી સુધારણા માટેનો કાર્યક્રમ પણ જાહેર કરી દેવાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

કેનાલમાં સપ્લાય વધતા પાણી ડહોળુ આવશે, ઉકાળીને પીવા સલાહ

શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ડહોળા પાણીની સમસ્યા ઉદભવશે : પાણીજન્ય રોગચાળાને ડામવા માટે ઉકાળીને પાણી પીવુ હીતાવહ : પાણીના મામલે જાણકારી મેળવવા માટે કન્ટ્રોલ રૂમનો સંપર્ક કરવા અપીલ

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર સહીત જિલ્લાના વિવિધ વિસ્તારમાં આગામી દિવસોમાં પાણી ડહોળુ આવવાની ફરિયાદો વધશે. જયારે ટુંકમાં આ મામલે જાહેરાત પણ કરવામાં આવશે. જેને અનુલક્ષી શહેર ઉપરાંત જિલ્લાના નાગરિકોને પાણી ઉકાળીને અથવા કલોરીનેશન કરીને ઉપયોગમાં લેવા માટે પણ અપીલ કરવામાં આવી છે. હાલ પણ સેકટરોમાં પાણી ડહોળુ આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જયારે આ પાણી પીવાલાયક હોવાનુ પણ તંત્રએ અગાઉ જણાંવ્યુ હતુ પરંતુ પાણી ઉકાળીને પીવા માટે પણ અપીલ કરવામાં આવી છે.

રાજયના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદના લીધે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જયારે નર્મદા ડેમમાં પણ પાણીની આવક વિશેષ થઈ છે. જેના લીધે નર્મદા કેનાલમાં પણ પાણીનો ફોર્સ વધશે.

ડેમમાં પાણી વધતા કેનાલમાં પણ પાણી છોડવામાં આવશે. જેના લીધે કેનાલમાં પણ નદીની જેમ બે કાંઠે ફોર્સથી પાણી વહેતુ થશે. જયારે આ પાણીમાં માટી સહીતની અશુધ્ધિઓ પણ ભળતા પાણીમાં ડહોળાશ વધુ જોવા મળશે. વિભાગના જણાંવ્યા પ્રમાણે કેનાલમાં નવા પાણીની આવક શરૂ થઈ છે. જેના લીધે પાણીનો ફોર્સ વધવાની સાથે ડહોળાશ પણ વધશે. ગાંધીનગર સહીત જિલ્લાના સુજલામ સુફલામની વિવિધ ચાર યોજના અન્વયે નર્મદાનુ પાણી પીવા માટે સપ્લાય કરવામાં આવે છે. જયારે નર્મદાનુ પાણી સપ્લાય થતા કલોલ, દહેગામ, માણસા અને ગાંધીનગર શહેર સહીત ગ્રામ્ય વિસ્તારમાં આગામી દિવસોમાં પીવાનુ પાણી ડહોળુ આવવાની સંભાવના છે.

જયારે આ મામલે કોઈપણ નાગરિકને કોઈ પ્રશ્ન હોય તો ગાંધીનગરના કંટ્રોલ રૂમના ટેલીફોન નં - ૦૭૯૨૩૨૬૧૮૭૦ પર સંપર્ક કરવા માટે પણ જણાંવાયુ છે. જયારે નર્મદા કેનાલમાં પાણીમાં ભળતી અશુધ્ધિઓના લીધે પાણીજન્ય રોગચાળાને નિવારવા માટે પાણીમાં ફટકડી નાંખીને ઉકાળીને પીવા માટે પણ સલાહ આપવામાં આવી છે. જયારે ચોમાસા દરમિયાન પાણીના માટલામાં પણ કલોરીનેશનની ટીકડી નાંખીને પાણીનો ઉપયોગ કરવા માટે પણ જણાંવાયુ છે. આ ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ પણ ગંદા પાણીનો નિકાલ કરવા તેમજ પાણીની લાઈનના લીકેજીસને રીપેર કરવા તેમજ શાળાઓમાં પણ વિદ્યાર્થીઓનુ આરોગ્ય જળવાઈ રહે તે માટે આંગણવાડીમાં પણ કલોરીનયુક્ત પાણી જ પીવામાં આવે તે પણ જરૂરી હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે.

૧લી ઓગષ્ટથી રાજયમાં ચૂંટણી માટે ઈવીએમનું ફર્સ્ટલેવલ ચેકિંગ

ગાંધીનગર, તા. ૨૨

આગામી ૧લી ઓગષ્ટથી રાજયના ૧૮૨ વિધાનસભા મતદાર વિભાગોમાં ઈ.વી.એમ.નું ફર્સ્ટ લેવલ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવશે.

૧૪મી ઓગષ્ટ સુધી તમામ વિભાગોમાં આ ઝુંબેશ પૂર્ણ કરવાની રહેશે. આજે ફર્સ્ટ લેવલ ચેકિંગ માટેનો ખાસ તાલિમ વર્ગ મહાત્મા મંદિર ખાતેના બે સેમિનાર હોલમાં યોજવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને નાયબ જિલ્લા અધિકારીઓ ૨૪ જિલ્લાના હાજર રહ્યા હતા. આ વર્કશોપ માટે પણ પંચના સીનીયર અધિકારીઓની ટીમ કંપનીના ઈજનેરો સાથે આવી હતી. ફર્સ્ટ લેવલ ચેકિંગ ઈ.વી.એમ. બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ તેમજ વી.વી. પેટનું હાથ ધરવાનું રહેશે.

કુડાસણના એમ આઈ જી આવાસોમાં ગુણવત્તાનો ભારોભાર અભાવ : લાભાર્થીઓ આગ બબુલા

ગાંધીનગર તા ૨૨

કુડાસણમાં એમ આઈ જી આવાસ યોજનાના બાંધકામમાં ગુણવત્તાનો ભારોભાર અભાવ હોવાના લીધે લાભાર્થીઓ ડગલે ને પગલે પરેશાની વેઠી રહ્યા છે. આવાસોની દિવાલમાંથી ભેજ ઉતરવાની સાથે ટાઈલ્સો ઉખડી જાય છે. જયારે મુખ્ય દરવાજા સહીત પ્લાસ્ટરનુ કામ પણ યોગ્ય થયુ નથી. દિવાલોમાં પણ યોગ્ય લેવલીંગ નથી જયારે પાર્કીંગ અને પાણીના નિકાલની વ્યવસ્થા પણ નથી આ મામલે આગ બબુલા બનેલા લાભાર્થીઓએ મુખ્યમંત્રીને રજુઆત કરી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા છેલ્લા એક દાયકામાં નિર્માણ કરાયેલા આવાસોમાં સમયાંતરે ફરિયાદો ઉઠતી રહે છે. જયારે આ પૈકી ઘણાંખરા આવાસોનુ બાંધકામ જ ગુણવત્તા વગરનુ હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. રાયસણ અને અડાલજ તેમજ ચિલોડામાં ગુડાએ પ્રથમ તબક્કામાં જે આવાસોનુ નિર્માણ કર્યુ છે તેમાં પણ લાભાર્થીઓ અનેક પ્રકારની સમસ્યા ભોગવી રહ્યા છે. જેનો પણ અનેક રજુઆતોના અંતે કોઈ ઉકેલ આવ્યો નથી જયારે હાલ કુડાસણમાં પણ એમ આઈ જી આવાસોનો કબજો લીધા બાદ લાભાર્થીઓ આવાસોના બાંધકામની ગુણવત્તા સામે અનેક સવાલો ઉઠાવી રહ્યા છે. કુડાસણના આ એમ આઈ જી આવાસોમાં ગુણવત્તા વગરની કામગીરી થઈ હોવાના પ્રબળ આક્રોશ સાથે મુખ્યમંત્રીને પણ રજુઆત કરવામાં આવી છે. જેમાં મુખ્યમંત્રીને આ મામલે કરવામાં આવેલી ફરિયાદમાં જણાંવ્યા મુજબ વર્ષ ૨૦૧૭ સપ્ટેમ્બર માં આવાસોનો ડ્રો કરવામાં આવ્યા બાદ ગત જુન મહીનામાં લાભાર્થીઓને આવાસોનો કબજો સોંપવામાં આવ્યો હતો. જયારે આવાસોનો કબજો સોંપવામાં પણ વિલંબ થતા લાભાર્થીઓએ ભાડાના મકાનમાં રેહવાની ફરજ પડી હતી. જેના લીધે આવાસની લોનના હપ્તા અને ભાડાની રકમ ચુકવવામાં પણ લાભાર્થીઓએ આર્થિક ભીંસમાં મુકાવાનો વારો આવ્યો હતો આ ગાળાનુ વળતર ચુકવવા માટે પણ માંગણી કરવામાં આવી છે. જયારે બાંધકામમાં ગુણવત્તાના અભાવે વરસાદી દિવસોની શરૂઆતથી જ દિવાલોમાં ભેજ ઉતરવાનુ શરૂ થઈ ગયુ છે. સ્વીચ બોર્ડસના ફીટીંગના ઠેકાણે દિવાલમાં તિરાડો પડી ગઈ છે. ફ્લેટમાં ફલોરીંગની ટાઈલ્સો તુટી જતા પણ મુલાકાતીઓ ગોથે ચઢે તેવી સ્થિતિ છે.

આવાસોની દિવાલમાંથી ભેજ ઉતરવા સહીત પ્લાસ્ટર અને ટાઇલ્સો ઉખડી જવાની સાથે પાણી નિકાલ અને પાર્કીંગની વ્યવસ્થાનો અભાવ : મુખ્યમંત્રીને રજુઆત

જયારે ફલેટના મુખ્ય દરવાજાનુ પ્લાસ્ટર પણ ઉખડી જતા મુખ્ય દરવાજાના કામમાં પણ ઠેકાણુ નથી જેના લીધે સલામતીના મામલે પણ સવાલો મંડરાયા છે. આ ઉપરાંત આવાસની દિવાલોમાં પણ લેવલીંગ જળવાયુ નથી જયારે કેટલાક મકાનોમાં ગેલેરીમાંથી પાણી નિકાલની પણ કોઈ વ્યવસ્થા નથી. ધાબા પરના દરવાજાના પત્થરો પણ નિકળી ગયા છે. જયારે આટલુ ઓછુ હોય તેમ આ આવાસ યોજનાને અનુલક્ષી હજુ પાર્કીંગ વ્યવસ્થા પણ અદ્ધરતાલ છે. પાર્કીંગ વ્યવસ્થાના અભાવે પણ રહીશો પરેશાન છે.

ગત દિવસામાં આ અંગે રજુઆત કરવામાં આવી હોવા છતા ગુડાના તંત્ર કક્ષાએથી કોઈ પગલા લેવાયા નથી. આ સ્થિતિ વચ્ચે લાભાર્થીઓ આગ બબુલા બન્યા છે. જયાર ગુણવત્તા વગરની કામગીરીને ધ્યાનમાં રાખી કોન્ટ્રાકટર પાસેથી પૈસા વસુલી જરૂરી સમારકામ કરવા માટે રજુઆતમાં જણાંવાયુ છે.

સેક્ટર-૬માં હાલમાં નવા સરકારી મકાનોની કામગીરી ચાલી રહી છે. જ્યાં સિમેન્ટનો માલ બનાવતો મોટી ટ્રક કાદવના ખાડામાં ફસાઈ ગયો હતો. પાછળના બંને ટાયર કાદવ ભરેલા ખાડામાં ખુંપી ગયા હતા.

ગાંધીનગર બન્યુ ગાબડાનગર : ભ્રષ્ટ નીતી સામે વડાપ્રધાનને રજુઆત

હાઇકોર્ટની મનાઇ છતા શહેરમાં ઠેર ઠેર આડેધડ ખોદકામથી ભયજનક સ્થિતિ : વકીલે પત્ર લખી વડાપ્રધાનને રજુઆત કરી : મનપા અને કોન્ટ્રાકટર્સની મીલીભગતથી નાગરિકો પરેશાન

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર વરસાદી દિવસોમાં ગાબડા નગર બન્યુ છે. કોર્પોરેશન અને કોન્ટ્રાકટર્સોની મિલીભગતના લીધે સ્થાનિકો માટે ઠેર ઠેર જોખમી સ્થિતિ સર્જાઈ છે. જયારે વરસાદી દિવસોમાં પણ શહેરમાં ખોદકામ પ્રવૃતિ ચાલી રહી છે. જેના લીધે ભારે વરસાદના સંજોગોમાં વધુ જોખમી સ્થિતિ સર્જાશે કોર્પોરેશનના તંત્રની આ નિતી સામે નગરના વકીલે વડાપ્રધાનને પત્ર લખી ફરિયાદ કરી છે. જેમાં તગડો ટેકસ ચુકવીને પણ આમ નાગરિકોએ ડગલે ને પગલે દુવિધા વેઠી ભયજનક સ્થિતિમાં મુકાવાનો વારો આવતો હોવાનો આક્રોશ પણ તેમણે ફરિયાદમાં વ્યકત કર્યો છે.

ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા માટે શહેરમાં આડેધડ ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. શહેરના મુખ્યમાર્ગો પર પણ કામ ચાલી રહ્યુ છે. એકબાજુ નગરના મુખ્ય ઘ માર્ગ પર નિર્માણ કરાયેલા અન્ડરપાસની કામગીરીમાં પણ ગુણવત્તાના અભાવે નજીવા વરસાદમાં જ જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. શહેર વચાળે જ કોર્પોરેશનના ભ્રષ્ટ વહીવટનો ઉત્તમ નમુનો જોવા મળી રહ્યો છે. જયારે હાલમાં પણ શહેરમાં ઠેર ઠેર ખોદકામ થઈ રહ્યુ છે. વરસાદી દિવસોમાં આડેધડ ખોદકામ બાદ ઠેર ઠેર મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. અગાઉ કોર્પોરેશનની સ્ટોર્મ વોટર લાઈન નાંખવાની કામગીરીના અંતે આખુ ફુટપાથનુ નેટવર્ક જ માટીમાં ગરકાવ થઈ ગયુ હતુ. જયારે હાલ પણ શહેરમાં ઠેર ઠેર મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. આ મામલે વકીલ મેહુલ પટેલે વડાપ્રધાનને રજુઆત કરી છે. ગાંધીનગર છેલ્લા કેટલાક સમયથી ગાબડા નગર બન્યુ છે. કોર્પોરેશનના પાપે નગરની આ દશા થઈ છે. છતા તંત્રના પેટનુ પાણી હલતુ નથી જયારે આ મામલે વડાપ્રધાનને પણ ફરિયાદ કરીને રોષ ઠાલવવામા આવ્યો છે. સ્માર્ટ સીટી અન્વયે હાથ ધરાયેલા વિવિધ પ્રોજેકટના લીધે શહેરમાં ઠેર ઠેર જોખમી સ્થિતિ સર્જાઈ હોવાના લીધે નાગરિકોને પણ ડગલે ને પગલે હલાકી વેઠવી પડે છે. ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં ઘણા ઠેકાણે માર્ગ પહોળા કરવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવ્યુ છે જયારે યોગ્ય પુરાણ પણ કરવામાં આવ્યુ નથી જેના લીધે ભુવા પડવાની સ્થિતિ ઉભી થઈ છે. શહેર તેમજ આસપાસના વિસ્તારમાં કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકી વધતા માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં અવતા અકસ્માત અને રોગચાળાનો ખતરો સ્થાનિકો પર મંડરાયો છે. પાટનગરમાં જ દયાજનક અને ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે.જયારે માર્ગોના વાઈડનીંગ અન્વયે પણ વાહનોની અવરજવરનો સર્વે કર્યા વિના જ માર્ગ વચાળે જ ડિવાઈડર બનાવામાં આવી રહ્યા છે. ચોમાસા દરમિયાન ખોદકામ કરવા પર મનાઈ હોવાછતા ઠેર ઠેર ખાડા

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com